અપીલ અરજી નં.૧૯૦ તા.૧૬–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ની તા.૧૦–૮–૦૯ ની અરજીથી (૧) સ્વપ્નસૃષ્ટિ રેસીડેન્સી,જુના ઉન જકાતનાકા પાછળ ભેસ્તાન જીયાવ રોડ સ્થીત ફલેટો તથા રો હાઉસનું બાંધકામ ચાલુ છે તે તથા (ર) સાંઈરાજ રેસીડેન્સી, આશીર્વાદ રો હાઉસની સામેનો રોડ એફ.પી. નં.ર૧, બ્લોક નં.૧૧ર ટી.પી.એસ. નં.૪૮ ,ભેસ્તાન જીયાવરોડ ભેસ્તાન સ્થિત આશરે ૧૦ માળ નો પ્રોજેકટનું હાલ બાંધકામ ચાલુ છે. (૩) હાલમાં રેસીડેન્સી, હીંગોરા કન્સ્ટ્રકશન, જીલાનીનગર સામે ઉન ગભેણી ચાર રસ્તા રોડ ઉન સ્થીત બાંધકામ ચાલુ છે. સદર ત્રણેય બાંધકામની વિકાશ પરવાનગી માળ બાંધકામ, ક્ષેત્રફળ અંગેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૬–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૯૦/ર૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ની તા.૧૦–૮–૦૯ ની અરજીથી (૧) સ્વપ્નસૃષ્ટિ રેસીડેન્સી,જુના ઉન જકાતનાકા પાછળ ભેસ્તાન જીયાવ રોડ સ્થિત ફલેટો તથા રો હાઉસનું બાંધકામ ચાલુ છે તે તથા (ર) સાંઈરાજ રેસીડેન્સી, આશીર્વાદ રો હાઉૈસની સામેનો રોડ એફ.પી. નં.ર૧, બ્લોક નં.૧૧ર ટી.પી.એસ. નં.૪૮, ભેસ્તાન જીયાવરોડ ભેસ્તાન સ્થીત આશરે ૧૦ માળ નો પ્રોજેકટનું હાલ બાંધકામ ચાલુ છે. (૩) હાલમાં રેસીડેન્સી, હીંગોરા કન્સ્ટ્રકશન, જીલાનીનગર સામે ઉન ગભેણી ચાર રસ્તા રોડ ઉન સ્થીત બાંધકામ ચાલુ છે. સદર ત્રણેય બાંધકામની વિકાસ પરવાનગી માળ બાંધકામ, ક્ષેત્રફળ અંગેની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૧ અને ૩ અંગે કોઈ પ્રત્યત્તર પાઠવેલ નહીં હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૮૧ તા.ર૩–૯–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી. કે માહિતી આપ્યા અંગેનો આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કાર અંગેના અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની તા.૧૦–૮–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવેલ ત્રણેય બાંધકામો અંગે માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.ર અંગે માહિતી ટાઉન પ્લાનર તરફથી મળેલ છે. પરંતુ મુદ્દા નં.૧ અનને ૩ ની માહિતી મળેલ ન હોવાથી તા.૧૬–૯–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી નહીં મળ યાની રજૂઆત કરવામાં આવેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી અત્રે પણ અપીલ તબકકે કોઈ પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૮–૦૯ ની અરજીઓથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૧૦ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***

અ***ને એપેલેટ ઓફિસર***

***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી.(ઉધના ઝોન).... જાણ તથા અમલ માટે

(ર) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,